# શહેરમાં રિકવરી વધી : કેસોમાં પણ નજીવો વધારો

**શહેરમાં આજે ૯૭ કેસ નોંધાયા : સે. ૨૯ માં ૧૧ માસનું બાળક સંક્રમિત : શહેરના ગ્રામ્યમાં આજે કુડાસણમાં ૧૧ કેસ, રાયસણમાં ૯ કેસ, પાલજમાં ૧૧ કેસ, આઈઆઈટીમાં ૮ કેસ અને સરગાસણમાં ૬ કેસ નોંધાયા : ગાંધીનગર શહેરના સેક્ટરોમાં વી.આઈ.પી. ગણાતા સે. ૧૯ માં ૫ કેસ, સે. ૫ માં ૫ કેસ, સે. ૭, ૨ અને સે. ૧ માં ૪-૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં ગઈકાલની તુલનામાં આજે કેસની સંખ્યા વધી છે પરંતુ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રએ કર્યો છે. શહેરમાં આજે કોરોનાના કેસો ૯૭ નોંધાયા છે.

શહેરમાં કોરોનાની સંખ્યામાં વધ-ઘટ છે પરંતુ સતત બીજે દિવસે પણ કેસો ૧૦૦થી નીચે નોંધાયા છે. સંક્રમણ ઘટ્યુ છે અને પોઝીટીવીટી રેટ પણ ઘટ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. તેમણે રિકવરી રેટમાં પણ નોંધપાત્ર સુધારો થયાનો દાવો કરી જણાવ્યુ છે કે રિકવરી રેટ ૮૪ ટકાએ પહોંચ્યો છે. શહેરમાં આજે ૨૭૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તે દર્દીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં દર્દીની સ્થિતિ સારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૨ મહિલા દર્દી છે. ૧૧ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. જ્યારે ૮ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે.

શહેરમાં ૧૦ કે તેથી ઓછી વયના પાંચ બાળકો સંક્રમિત થયા છે. રાયસણમાં ૩ નાના બાળકો સંક્રમિત થયા છે. સે. ૨૯ માં ૧૧ માસની કુમળી વય ધરાવતુ બાળક પણ સંક્રમિતોની યાદીમાં છે.

બાળકો, મહિલાઓ અને વયસ્કો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે. ખાસ કરીને નાની વયના બાળકો અને કુમળી વયના બાળકો સંક્રમિત થઈ રહ્યાની વાતથી તંત્ર વધુ ચિંતાતુર છે.

શહેરમાં આજે સરગાસણમાં પાંચ વર્ષની દિકરી, રાયસણમાં ૮ વર્ષની દિકરી, રાયસણમાં ૧૦ વર્ષનો દિકરો, રાયસણમાં ૭ વર્ષનો દિકરો અને સે. ૨૯ માં ૧૧ માસનું બાળક સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કુડાસણમાં ૧૧ કેસ, રાયસણમાં ૯ કેસ, પાલજમાં ૧૧ કેસ, આઈઆઈટીમાં ૮ કેસ અને સરગાસણમાં ૬ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં પેથાપુરમાં ૩ કેસ, સુઘડમાં ૨ કેસ, રાંદેસણમાં ૨ કેસ, કોબા અને ખોરજમાં ૧-૧ કેસ નોંધાયેલ છે.

ગાંધીનગર શહેરના સેક્ટરોમાં વી.આઈ.પી. ગણાતા સે. ૧૯ માં ૫ કેસ, સે. ૫ માં ૫ કેસ, સે. ૭, ૨ અને સે. ૧ માં ૪-૪ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૮, ૨૯, ૬ માં ૩-૩ કેસ, સે. ૨૨ માં બે કેસ ઉપરાંત સે. ૧૪, ૧૬, ૨૧, ૨૪, ૩૦, ૨૭, ૧૩, ૩૦, ૨૫ અને ૨૦ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં કોરોનાના માઈલ્ડ સિમ્ટમ્સ ધરાવતા દર્દીઓ વધુ મળી રહ્યા હોવાથી દર્દીઓ હોમ આીસોલેશનનો વિકલ્પ પસંદ કરતાં હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં આજે ૧૧૦૦થી વધુ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે ૨૭૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. શહેરમાં ૮ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

# જિલ્લામાં નવા કેસમાં નજીવો વધારો : નવા ૩૮ કેસ નોંધાયા

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા બે દિવસની તુલનામાં આજે કેસની સંખ્યામાં થોડો વધારો થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૮ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા ૪ હજારની નજીક પહોંચવામાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ સઘન સર્વેલન્સ અને કોન્ટેક્ટ ટ્રેસીંગ વધુ કરવા પર આપેલા ભારને ધ્યાને રાખી તંત્રએ આજે ૪૮૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તેમજ આવા દર્દીઓનું નિયમિત મોનીટરીંગ કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૭ કેસ, ગાંધીનગરમાં ૧૧ કેસ, કલોલમાં ૧૩ અને માણસામાં ૭ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૬ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં ૪ વિદ્યાર્થી, બે સરકારી કર્મચારીનો પણ સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં ૮ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. જ્યારે પાંચ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે. જિલ્લામાં મહિલા અને વયસ્ક દર્દીઓની સંખ્યા વધી રહી છે જે તંત્રની ચિંતાનો મુદ્દો બની છે. દહેગામ તાલુકામાં કરોલી ગામે બે કેસ મળ્યા છે. આ ઉપરાંત બહિયલ, મીરપુર, દેવકરણના મુવાડા, વાસણા સોગઠી અને હાથીજણ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં અડાલજમાંથી ૩ કેસ મળવા ઉપરાંત સરઢવ, મહુન્દ્રા, નવા પાલજ, ગિફ્ટસીટી, શેરથા, ઉવારસદ, દંતાલી અને મગોડીમાંથી પણ કેસો મળી આવ્યા છે. કલોલ તાલુકામાં જાસપુર, ખાત્રજ અને રાંચરડામાંથી ૨-૨ કેસ, કલોલ શહેરમાંથી ૩ કેસ ઉપરાંત રામનગર, રકનપુર, પલોડિયા અને ભાડજમાંથી કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં મહુડી, રંગપુર, માણસા શહેર, અંબોડ, અજરાપુરા, રામપુરા અને અમરાપુરમાંથી કેસો મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોના ગાઈડલાઈન્સના પાલન માટે તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા ઉપરાંત ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા જણાવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫૦૦થી વધુ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષાને વધુ એક ગ્રહણ, વહીવટી કારણોસર મોકુફ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૩મી ફેબ્રુઆરીએ યોજાનાર બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા વધુ એક વખત મોકુફ રખાતા યુવાનોમાં ભારે રોષ પ્રસર્યો હતો. આ વખતે પસંદગી મંડળની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ વહીવટી કારણોસર પરીક્ષા હાલ પુરતી મોકુફ રખાઈ છે. કોઈ પેપર ફુટવાની ઘટના બની નથી. આમ છતાં પરીક્ષાની તૈયારી કરી રહેલ હજ્જારો વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી સર્જાઈ છે. છ - છ, બાર - બાર મહિનાથી સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો માટે મા-બાપના પરસેવાના હજ્જારો રૂપિયા ખર્ચ્યા બાદ છેલ્લી ઘડીએ બંધ રખાતી પરીક્ષાઓથી રૂપિયા અને સમયનું ભારે નુકસાન થતાં શિક્ષિત બેરોજગારોમાં તંત્ર સામે ભારે આક્રોશ ફાટ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે પેપર ફુટવાના પગલે પરીક્ષા બંધ રખાઈ હતી. અને જેના કારણે એક વર્ષની યુવકોની તૈયારીઓ ઉપર પાણી ફરી વળ્યું હતું. ફરીથી એક નહિંને બીજા કારણે પણ પરીક્ષા મોકુફ રખાતા ઉમેદવારોમાં ભારે નારાજગી પ્રવર્તી છે. અગાઉ પણ હેડ ક્લાર્કનું પેપર ફુટ્યું હતું. જેના આંદોલનના પડઘા લાંબા સમય સુધી ગુજરાતના રાજકારણમાં પડ્યા હતા. દિન-પ્રતિદિન સરકારીની જગ્યાઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની વિશ્વસનિયતા ઘટતી જાય છે.

# તલાટીની ૩૪૩૭ જગ્યા માટે ૮.૫ લાખથી વધુ અરજી આવી

ગાંધીનગર,તા.૯

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ગ્રામ પંચાયત સેક્રેટરીની ૩૪૩૭ જગ્યા માટે ભરતી બહાર પાડવામાં આવી છે. આ જગ્યા માટે ઓનલાઈન એપ્લિકેશન શરૂ છે ત્યારે અત્યારસુધીમાં ૮.૫ લાખથી વધુ ઉમેદવારો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા છે. આ ભરતીમાં આગામી ૧૫મી ફેબ્રુઆરી સુધી ઓનલાઈન ફોર્મ ભરાઈ રહ્યા છે ત્યારે આ આંકડો ૧૦ લાખને પાર કરી જાય તેવી વકી છે. ઉમેદવારો ઓજસ પરથી અથવા તો અહીંયા આપવામાં આવેલી લિંક પરથી ઓનલાઈન અરજી કરી શકે છે. ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ અને ભરતીની જાહેરાત સહિતની વિગતો નીચેના ટેબલમાં આપવામાં આવેલી છે. આ ભરતી માટે ખાલી કુલ ૩૪૩૭ જગ્યાઓ દરેક જિલ્લા મુજબ છે. જેમાં અમદાવાદમાં ૧૦૫, અમરેલીમાં ૨૦૫, આણંદમાં ૧૨૫, અરવલ્લીમાં ૪૧, બનાસકાંઠામાં ૧૨૦, ભરૂચમાં ૧૬૪, ભાવનગરમાં ૨૦૮, બોટાદમાં ૪૪, છોટાઉદેપુરમાં ૮૫, દાહોદમાં ૬૮, દેવભૂમિ દ્વારકામાં ૭૫, ડાંગમાં ૧૮, ગાંધીનગરમાં ૨૩, ગીરસોમનાથ ૯૩, જામનગરમાં ૧૬૧, જૂનાગઢ ૧૯૧, કચ્છણાં ૧૫૯, ખેડામાં ૧૨૬, મહીસાગરમા ૪૮, મહેસાણામાં ૧૫૨ જગ્યા મોરબીમાં ૫૬, નર્મદામાં ૯૬, નવસારીમાં ૬૪, પંચમહાલમાં ૯૯, પાટણમાં ૧૧૮, પોરબંદરમાં ૪૪, રાજકોટમાં ૧૮૮, સાબરકાંઠામાં ૪૨, સુરતમાં ૯૦, સુરેન્દ્રનગરમાં ૧૩૭, તાપીમાં ૬૧, વડોદરામાં ૧૪૧, વલસાડમાં ૯૦ જગ્યા મળી ૩૪૩૭ જગ્યા માટે ભરતી બહાર પડી છે. આ નોકરી માટે માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી સ્નાતક થયેલા ઉમેદવારો અરજી કરી શકે છે. ઓનલાઈન અરજી કરવા સમયે શૈક્ષણિક લાયકાત વગેરે ચેક કરી લેવી, અરજી કરવાની સાથે ઉમેદવારોએ પોતાની લાયકાત પણ ચકાસવી અરજી કરવાની ઉંમર અને મહત્તમ લાયકાતની ઉંમર ૩૬ વર્ષ છે. પસંદગી પામેલા ઉમેદવારોને પ્રથણ પાંચ વર્ષ માટે સરકારની જોગવાઈ મુજબ ફિક્સ ૧૯૯૫૦ રૂપિયા પ્રતિમાસ ફિક્સ પગાર આપવામાં આવશે. તેમજ અન્ય લાભો મળવા પાત્ર થશે. આ ભરતીમાં ઉમેદવારોની ભરતી લેખિત અને સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિથી કરવામાં આવશે જેમાં મેરિટના આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ઉમેદવારોએ અહીંયા આપવામાં આવેલી ઓજસની લિંક પરથી ફોર્મ અને ફી ભરવાની રહેશે. અરજી ફી રૂપિયા ૧૦૦ રાખવામાં આવી છે.

# સિરિયલ બ્લાસ્ટમાં આરોપીઓને સજામાં મુદત પડી

અમદાવાદ, તા.૯

અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસ મામલે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી યોજાયેલી સજાની સુનાવણી દરમિયાન સજાની સુનાવણી માટે ૧૧ તારીખે સજાના ઓર્ડર માટે કોર્ટ સુનાવણી કરશે તેમ જાહેર થયું.

સુનાવણી દરમિયાન સરકારી વકીલે આરોપીઓને મહત્તમ સજા થાય તે માટે દલીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, દોષિતોએ જઘન્ય અપરાધ કર્યો છે તથા વાલ્મિકી દરરોજ નથી થતા કે આ સુધરી જાય તેમ કહ્યું હતું. સામે બચાવ પક્ષે આરોપીઓને એક તક મળવી જોઈએ તેવી દલીલ કરી હતી. આ સાથે જ સજાની જાહેરાત માટે ૩ સપ્તાહના સમયની માગણી કરી હતી.

સરકારી વકીલે સુરંગ કાંડની ઘટના પણ યાદ કરાવી હતી.

અમદાવાદના ઈતિહાસનો એ કાળો દિવસ જયારે ૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ અમદાવાદમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા હતા. આ કેસમાં ૧૪ વર્ષ સુધી ચાલેલી લડત બાદ મંગળવારે ઐતિહાસિક ચુકાદામાં દેશમાં પહેલી વખત ૪૯ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. બોમ્બ બ્લાસ્ટની તે ઘટનામાં ૨૦ સ્થળોએ ૨૧ ધડાકા થયા હતા જેમાં ૫૬ લોકોના મોત થયા હતા અને ૨૦૦થી વધારે લોકોને ઈજાઓ પહોંચી હતી.

આ કેસમાં કોર્ટે કુલ ૭૮ પૈકીના ૪૯ આરોપીઓને યુએપીએઅંતર્ગત દોષિત જાહેર કર્યા હતા. દેશના ઈતિહાસમાં પ્રથમ વખત યુએપીએઅંતર્ગત ૪૯ આરોપીઓને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. દોષિતો પૈકીના ૧ અયાઝ સૈયદે તપાસમાં મદદ કરી હોવાથી તેને તાજનો સાક્ષી માનીને સજામાંથી મુક્તિ આપવામાં આવી છે. જ્યારે ૨૮ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

આ બ્લાસ્ટની જવાબદારી ઈન્ડિયન મુજાહિદીન અને હરકત-ઉલ-જિહાદ-અલ-ઈસ્લામી નામના ઉગ્રવાદી સંગઠનોએ સ્વીકારી હતી. સુનાવણી દરમિયાન આ કેસના કેટલાક આરોપીઓને અમદાવાદની સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા હતા.

# રાજ્યમાં નાઈટ કર્ફ્યુના કલાકોમાં ઘટાડાની શક્યતા

અમદાવાદ, તા.૯

રાજ્યમાં જાણે કોરોનાની ત્રીજી વેવની અસર ઓછી થઈ રહી હોય તેમ રોજેરોજ નોંધાતા કેસોમાં મોટી સંખ્યામાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. તેવામાં ગુજરાત સરકાર જાન્યુઆરી મહિનામાં વધારવામાં આવેલા નાઈટ કર્ફ્યૂના કલાકોમાં ઘટાડો કરે તેવી શક્યતા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આજે મળેલી કેબિનેટ બેઠકમાં આ અંગે ચર્ચા થઈ છે. જેમાં નાઈટ કર્ફ્યૂમાં રાહત આપવાનો મુદ્દો પણ ચર્ચાયો હતો. હાલ રાજ્યના આઠ મહાનગરો ઉપરાંત, ૧૭ જેટલા નાના શહેરોમાં પણ રાતના દસથી સવારના છ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યૂ અમલમાં છે. નાઈટ કર્ફ્યૂને કારણે વેપાર-ધંધા પર અસર પડી રહી હોવાની રજૂઆતો સરકાર સમક્ષ ઘણા સમયથી થઈ રહી છે. આ સિવાય એક્સપર્ટ્સ પણ એવો મત વ્યક્ત કરી ચૂક્યા છે કે નાઈટ કર્ફ્યૂથી કોરોનાનો પ્રસાર રોકવામાં કોઈ મદદ નથી મળતી. રાજ્યમાં સ્થિતિ કાબૂમાં આવતા હવે સ્કૂલો પણ ફરી શરુ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, ઘણા રાજ્યોએ પણ નાઈટ કર્ફ્યૂનો અમલ બંધ કરાવી દીધો છે.

સૂત્રોનું માનીએ તો, ૧૦ ફેબ્રુઆરીએ કોર કમિટિની બેઠક મળ્યા બાદ ગુજરાત સરકાર કોરોનાની નવી એસઓપી જાહેર કરી શકે છે. જેમાં નાઈટ કર્ફ્યૂ રાત્રે ૧૦ વાગ્યાને બદલે ૧૧ વાગ્યાથી શરુ કરવાની જાહેરાત કરી શકાય છે. આ ઉપરાંત, આઠ મહાનગરો સિવાયના જે ટાઉન્સમાં હાલ નાઈટ કર્ફ્યૂ ચાલી રહ્યો છે તેમને તેમાંથી મુક્તિ આપવામાં આવે તેવી પણ શક્યતા છે. રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેરની પીક હતી ત્યારે રોજના કેસોનો આંકડો ૨૦ હજારને આંબી ગયો હતો. જોકે, હવે તેમાં મસમોટો ઘટાડો આવ્યો છે. ૦૮ ફેબ્રુઆરીની જ વાત કરીએ તો, રાજ્યમાં ૨૫૦૦ નવા કેસ નોંધાયા હતા જ્યારે ૨૮ દર્દીના મરણ થયા હતા. હાલ રાજ્યમાં કુલ ૩૩,૬૩૧ દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી ૧૯૯ વેન્ટિલેટર પર રખાયા છે જ્યારે ૩૩,૪૩૨ સ્ટેબલ છે. અત્યારસુધી રાજ્યમાં ૧૧.૬૧ લાખ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચૂક્યા છે, જ્યારે સત્તાવાર મૃત્યુઆંક ૧૦,૭૧૬ નોંધાયો છે.

# વન વિભાગ હસ્તકની વનરક્ષક વર્ગ-૩ની કુલ ૩૩૪ જગ્યાઓ માટે સીધી ભરતી કરવામાં આવશે : વનમંત્રી

રાજ્યના યુવાઓ માટે સરકારનો મહત્વનો નિર્ણય કરતા વનમંત્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું કે વર્ષ-૨૦૧૮માં અનિવાર્ય સંજોગોને કારણે મોકુફ રહેલી વન વિભાગ હસ્તકની વનરક્ષક વર્ગ-૩ની કુલ ૩૩૪ જગ્યાઓ આગામી ટૂંક સમયમાં સીધી ભરતીથી હાથ ધરવા નિર્ણય કરવામાં આવ્યો છે. આ ૩૩૪ જગ્યાઓની ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવેસરથી ખાલી પડેલી જગ્યા ભરવા અંગેની સીધી ભરતીની તદ્દન નવી ભરતી પ્રક્રિયા પણ હાથ ધરવા વન રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ ઉમેર્યુ છે.

વનરક્ષક વર્ગ-૩ ની કુલ-૩૩૪ સીધી ભરતીની જગ્યાઓ ભરવાની પ્રક્રિયા અનિવાર્ય કારણોસર મોકુફ રાખવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા યુવાનોના હિતમાં નિર્ણય લઈને આ મોકુફ રહેલ ભરતી પ્રક્રિયા આગામી ટૂંક સમયમાં હાથ ધરવા નિર્ણય કર્યો છે. આગામી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવનાર આ ભરતી પ્રક્રિયામાં અગાઉની વર્ષ ૨૦૧૮ની ભરતી પ્રક્રિયા દરમિયાન જે અરજદારોની અરજીઓ માન્ય જાહેર કરવામાં આવી હતી તે તમામ અરજદારોની વર્તમાન વયને ધ્યાનમાં લીધા વિના માન્ય ગણવામાં આવશે. અગાઉની વર્ષ ૨૦૧૮ની ભરતી પ્રક્રિયામાં જે અરજદારોએ "સામાન્ય કેટેગરી"ના ઉમેદવાર તરીકે અરજી કરેલ હોય તેઓ જો "આર્થિક નબળાં વર્ગ" કેટેગરીનો લાભ મેળવવા માંગતા હોય તો તેઓને "ઓનલાઈન જોબ એપ્લીકેશન સિસ્ટમ" (ત્નછજી) ઉપર આ વિગતો ભરવા માટે ૧૦ (દસ) દિવસનો સમય આપવામાં આવનાર છે.

## લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

એમની હયાતીમાં વાર-તહેવાર કોઈને કોઈ નિમિત્તે ગામડે જવાનું થતું... પિતાશ્રી સાવ સાદગીભર્યા.... ભોળું ને હળવું જીવન.... પણ દિલની અમીરાત અનોખી.... 'વેઠીલે પણ વાત ન કરે' એવું નક્કર વ્યક્તિત્વ... દાઢીનો સાબુ ખલાસ થઈ ગયો હોય તો નહાવાના સાબુથી દાઢી કરી લે.... કાં તો ખાલી પાણી લગાડીને દાઢી કરતાં જોયા છે... કપાસની ગાંસડી ઊંચકીને લાવતા પણ મેં જોયેલાં છે. એમનાં પંથકમાં દાહકર્મ અને દેશીવૈદા માટે જાણીતા... મૂંગા પશુઓ અને માનવોની વિનામૂલ્યે કરેલી સારવારને લોકો ભૂલ્યા નથી... આવી ઘણી બધી યાદોથી સ્મરણ મંજૂષા ચિક્કાર ભરેલી છે.... પણ... કવિશ્રી 'મિસ્કીન'ના શબ્દો મને કહેતા ન હોય...

'રોજ ખૂણામાં રિબાઈ હરપળે મરતો રહ્યો,
એ પિતાની તું છબીને કાં નમન કરતો રહ્યો ?'

દોસ્તો, જન્મદાતા માવતરનો કોઈ પર્યાય ન હોઈ શકે... આજે વૃદ્ધત્વ ઉપેક્ષિતને હડધૂત થતું જોવા મળે છે... ઘણી જગ્યાએ ઘરડાં માવતર ઘરના ખૂણે એન્ટિક ફર્નિચરની જેમ જીવતાં જોવા મળે છે. 'આધુનિક' દંપત્તિ તો ઘરડાઘરમાં ધકેલવા માંડે છે. ચાર-પાંચ સંતાનોને જીવની જેમ જતન કરી ઉછેરનારા માવતરને કમાતા ધમાતા દીકરા બે ટંકના કોળિયા માટે રઝળતાં કરે છે આ દયનીય સ્થિતિ આજની કરુણતા છે...!!

મિત્રો, પિતાના જીવનનું અજવાળું એટલે સંતાન. સંતાનના જન્મ સાથે જ પિતાનો જન્મ થાય છે, ને પછી એ જીવે છે સંતાન માટે... એ પુરુષ જ નહીં પૌરુષત્વ હોય છે. સંતાનનો શ્વાસ હોય છે. પોતાનું આયકું અથાગ પરિશ્રમ અને સંઘર્ષથી ખર્ચીને અઢળક અનુભવનો ખજાનો એટલે પિતાજી.

કોઈકે સરસ લખ્યું છે, કયારેક બુશકોટ કે ઝભ્ભાની ખરબચડી બાંયો કોઈ રેશમી પાલવથી પણ મુલાયમ હોય છે... સાચ્ચે જ...!!!

'પિતા પ્રેરે પ્રેમથી ને હૈયે સિંચે હામ,
પ્રણામ પિતૃદેવને ! શતસહસ્ત્ર પ્રણામ !'

**સ્પર્શમણિ :**

**કયારેક માતાપિતાની યાદ આવે તો... ભાઈ-બહેનો ભેગા મળીને બેસજો...**
**કોઈના ચહેરામાં મલકાતી માતા નજર આવશે તો કોઈની અદામાં પિતાજી દેખાશે.**

●●●

**'ઘર' એટલે એક એવી 'પરિચિત' જગ્યા.... કે જ્યાં 'અંધારું' પણ 'ઓળખીતું' લાગે...**

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## સમય પહેલા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નરેશ પટેલને લાવવાની કવાયત ચાલતી હોય પરંતુ એ બધુ ગોઠવાય એ પહેલાં જ ૧૮૨ બેઠકો જીતવાના લક્ષ્ય સાથે ભાજપ ચૂંટણીનો જુગાર ખેલી નાંખશે એવુ નિશ્ચિતરૂપે લાગી રહ્યુ છે. કારણ કે કોંગ્રેસ અને આપને મજબુત થવાનો સમય કે વર્તમાન સરકારની નબળી બાજુઓ બહાર આવે તે પહેલા ચૂંટણીની જાહેરાત કરી મબલખ ફાયદો મેળવવાનો દાવ હોય એવુ લાગી રહ્યું છે.

## વસવાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને માંગણી પણ દિનપ્રતિદિન પ્રબળ બનતી જાય છે. સેકટરોમાં સ્થિત જોખમી આવાસો તોડવાની દરખાસ્ત પણ લાંબા સમયથી પેન્ડીંગ છે જયારે અત્યંત જોખમી અને લાંબા સમયથી ખાલી મકાનો તોડવામાં પણ વિલંબ થઈ રહ્યો છે. જુના આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે નવા આવાસો ઉપલબ્ધ નથી આ સ્થિતિ વચ્ચે નિવૃતિ અને અવસનાના કિસ્સામાં પણ આવાસ માટેની મુદત લંબાવી દેવા મોટ અરજીનો ઢગ થયો છે. આવાસોનુ કામ ઝડપથી હાથ ધરવામાં વે તેવી લાગણી પણ પ્રબળ બની છે.

## નવતર પ્રયોગો.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રખિયાલ તા. દહેગામના વિવેકભાઈ પટેલે એક લાખ સરગવાનું વિતરણ કરવાના સંકલ્પ સાથે સરગવો કુપોષણમુક્તિમાં કેવુ કામ કરે છે તેની વાત કરી હતી. તેમણે આ માટે સરગવામાંથી ચ્યવનપ્રાસ, ચોકલેટ અને જ્યુસ બનાવ્યા છે. તેમણે એક લાખ છોડ ઉછેરવા સાથે વિતરણનો આ અભિગમ સૌ દર્શકોને મનભાવન રહ્યો હતો.

ભાટ પ્રા. શાળા (હુડકો)ના શિક્ષિકા કપિલાબેન રાઠોડે કોમ્પ્યુટરાઈઝ્ડ ભૌમિતિક કોયડા ઉકેલનો નવતર પ્રયોગ કરી બાળકોમાં ગણિત વિષય માટેની રૂચિ વધે તેવા પ્રયાસો કર્યા અને સારા પરિણામ મળ્યાનું કહ્યુ હતુ.

આલમપુર પ્રા. શાળાના રાજવી કલ્પનાબેને દિકરા-દિકરીનો ભેદ ના હોય તે ભુલીએ સૌને શિક્ષણ આપીએ તે હેતુથી દિકરીઓ ઉડી કોલેજ પહોંચી... ના નવતર અભિગમની વાત રજુ કરી હતી.

આખા મેળામાં અનોખુ આકર્ષણ બી.આર.સી. ભવન દહેગામના શોભનાબેન છોડવાડિયાનો નવતર અભિગમ "ઉમ્મીદો કી ઉડાન" રહ્યો હતો. તેમણે દહેગામ તાલુકાના ધો. ૧ થી ૧૨ ના ૨૧ પ્રકારની વિકલાંગતાથી પિડાતા બાળકોની યાદી તૈયાર કરી.. ૨૦ જેટલા બાળકો સેલીબ્રસ પાલ્સીથી પિડાતા શોધ્યા અને તેમને ખાસ શિક્ષણ માટે પ્રોત્સાહિત કર્યા.

આ બ્હેને ૧૩૯ જેટલા વિડીયો ૨૫ જેટલી આ વિશિષ્ટ બાળકોની પ્રવૃત્તિને લઈ તૈયાર કર્યા છે. આ બાળકોમાં શિક્ષણની અભિરૂચી વધારી છે એટલુ જ નહિ તેમના આ નવતર અભિગમ માટે રૂ. ચાર લાખ જેટલી માતબર રકમનું દાન પણ મળ્યુ છે.

તેમણે એવો દાવો કર્યો હતો કે કોરોનાની મહામારી દરમ્યાન ૧૯-૨૦ માં રૂ. ૭૫ હજારની શૈક્ષણિક કિટ, મેડિકલ કીટ, અન્ય કિટનું પણ વિતરણ કર્યુ હતુ. આ બાળકો દ્વારા ૨૦૧ જેટલી વસ્તુઓ બી.આર.સી. ભવનમાં બનાવવામાં આવી છે.

દિવ્યાંગ બાળકો માટે લોક-જાગૃત્તિ, અને લોકભાગીદારી વધારવા સાથે આ બાળકો લાચાર નહિ પણ આત્મનિર્ભર બને તેવો નવતર અભિગમ અપનાવ્યો તેના સારા પરિણામો હાંસલ કર્યાનો સંતોષ તેમના મુખ પર જોવા મળતો હતો.

તો અડાલજ માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરના જાગૃતિબેન મોદીએ "ચાલો અંતરને અજવાળીયે" નામનો નવતર અભિગમ અપનાવી જીવનમૂલ્ય શિક્ષણની વાત કરી હતી.

બી.આર.સી. દહેગામ દ્વારા એનએમએમએસ પ્રોજેક્ટ હાથ ધરી બાળકોનો ડ્રોપઆઉટ રેસિયો ઘટે અને તાલુકાના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા તેજસ્વી બાળકો ધો. ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે માટે નવતર અભિગમ અપનાવ્યો છે. જે ખુબ જ સરાહનીય છે. જેમાં બાળકોને સ્કોલરશીપની સ્પર્ધાત્મક પરીક્ષાના જ્ઞાન ઉપરાંત તેમની અભ્યાસ પ્રત્યેની રૂચિને પ્રોત્સાહિત કરવાનો એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે.

આજે જિલ્લાના ચારેય તાલુકામાંથી આ મેળાને માણવા શિક્ષકો આવ્યા હતા. ગઈકાલે જીસીઆરટીના નિયામક જોશી સાહેબે આ મેળો ખુલ્લો મુક્યો હતો. આ મેળાના ઉદ્ઘાટન સમારોહમાં દર્શનાબેન જોશી, અર્ચનાબેન પ્રજાપતિ, કિરણબેન પટેલ, ડાયેટના આચાર્ય હિતેશભાઈ દવે સહિત શિક્ષણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મથુરાની પાંચ અને આગ્રા ૯ બેઠકો પર ગુરૂવારે મતદાન યોજાશે.

મુજફ્ફરનગર અને મથુરામાં ૧૫-૧૫ ઉમેદવારોનો જંગ ખેલાઈ રહ્યો છે. સવારે ૭ વાગ્યેથી સાંજે ૬ વાગ્યા સુધી યોજાનાર મતદાન સુરક્ષા વ્યવસ્થાનો કડક બંદોબસ્ત કરાયો છે. ઉપદ્રવી તત્વો પર કડક નજર રખાઈ રહી છે.

## વરસાદ પડ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે ૯ અને ૧૦ ફેબ્રુઆરીના રોજ સમગ્ર ઉત્તર ભારતમાં વરસાદ પડશે. આશરે ૧૫ જેટલા રાજ્યો વરસાદથી પ્રભાવિત થશે. ૯ ફેબ્રુઆરીના રોજ પંજાબ, હરિયાણા-ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઉત્તરી રાજસ્થાનમાં વરસાદની શક્યતા છે. જ્યારે પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, ઝારખંડ, ઉત્તરી ઓડીશામાં ૯ અને ૧૦ ફેબ્રુઆરીના રોજ વરસાદનું અનુમાન છે. પશ્ચિમી વિક્ષોભનું સાઈક્લોન સરક્યુલેશન પાકિસ્તાનની સાથે સાથે પશ્ચિમી રાજસ્થાનની ઉપર પહોંચી ગયું છે. આ કારણે ઉત્તર ભારતનો મોટા ભાગનો હિસ્સો પ્રભાવિત થઈ રહ્યો છે.

## ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ બધા વચ્ચે પોલીસે અનંતનાગ અને સિરગુફવારામાં બે-બે આતંકી મોડ્યૂલનો પર્દાફાશ કર્યો છે. જેમા ૩ હાઈબ્રિડ આતંકી સહિત ૧૧ સંદિગ્ધોની ધરપકડ કરાઈ છે. આ સાથે જ પોલીસે ધરપકડ કરાયેલા આતંકી પાસેથી હથિયાર અને ગોળા બારૂદ સહિત આપત્તિજનક સામગ્રી જપ્ત કરી છે. સિરગુફવારામાં સુરક્ષાદળોએ એક ચેક પોઈન્ટ પર ચેકિંગ દરમિયાન એક બાઈક સવારને રોક્યો ત્યારે બાઈક પર સવાર ત્રણ આતંકી ભાગી છૂટ્યા. પરંતુ સુરક્ષાદળો તેમને દબોચવામાં સફળ રહ્યા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ